ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૪.૦૭.૨૦૧૮

---

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ બેઠક યોજાઇ.**

---

**આ બેઠકમાં પુરપીડીત વિસ્તારોમાં અવિરત સેવા તથા સક્રિય કામગીરી બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, મંત્રીશ્રીઓ, સમગ્ર તંત્ર તથા ભાજપાના કાર્યકર્તાઓને બિરદાવ્યા હતા - શ્રી ભરત પંડ્યા**

---

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ અસરગ્રસ્ત અમરેલી જીલ્લો, ગીર સોમનાથ જીલ્લો, જુનાગઢ જીલ્લો તથા ભાવનગર જીલ્લાના ગામડાઓમાં રૂબરૂ મુલાકાત લઇ ભાજપા કાર્યકર્તાઓ અને તંત્રની સેવાકિય કામગીરીને બિરદાવીને સેવાઓ અવિરત ચાલુ રાખવા અપીલ કરી હતી.**

---

**આગામી ૨૯ જુલાઇના રોજ "શ્રી કમલમ્" ખાતે**
**લોકસભા સ્ટડી – કો ઓર્ડિનેશન કમિટિ (લોકસભા અધ્યયન-સંકલન સમિતિ)નો પ્રદેશ સ્તરનો વર્કશોપ યોજાશે અને**
**આગામી ૨૪-૨૫ ઓગષ્ટના રોજ સુરત ખાતે પ્રદેશ કારોબારી યોજાશે - શ્રી ભરત પંડ્યા**

---

**કોંગ્રેસ 'ગો ટુ ધ પીપલ' નહીં પરંતુ 'ગો ટુ ધ ૧૦ જનપથ' પાર્ટી છે.**
**કોંગ્રેસને પ્રજા સાથે, પ્રજાના પ્રશ્નો સાથે કે સેવાકિય પ્રોગ્રામ સાથે કોઇ લેવા-દેવા નથી. - શ્રી ભરત પંડ્યા**

---

**કોંગ્રેસ Action mode માં નહી પરંતુ Destruction mode માં છે અને**
**તેથી જ ગુજરાતની જનતા હંમેશા Anti congress mode માં રહી છે અને રહેશે. - શ્રી ભરત પંડયા**

---

**કોંગ્રેસની "સમાંતર સરકાર"ની વાત બિનબંધારણીય, બિનલોકશાહી અને સત્તાલાલસાનું પ્રતિબિંબ છે - શ્રી ભરત પંડયા**

---

**કોંગ્રેસે હંમેશા "વેરઝેરનું વાવેતર" કર્યુ છે જ્યારે**
**ભાજપાએ હંમેશા "સૌના સાથ સૌના વિકાસ"ના મંત્ર અને લોકકલ્યાણકારી નીતિઓ સાથે "વિકાસનું વાવેતર" કર્યુ છે**

---

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યાએ જણાવ્યુ હતુ કે, આજરોજ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક યોજાઇ હતી. જેમાં પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ તથા જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ભરત પંડ્યાએ કોંગ્રેસના "ગો ટુ ધ પીપલ" કાર્યક્રમને નર્યું નાટક ગણાવતાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસને પ્રજા સાથે, પ્રજાના પ્રશ્નો સાથે કે સેવાકિય પ્રોગ્રામ સાથે કોઇ લેવા-દેવા નથી. કોંગ્રેસ 'ગો ટુ ધ પીપલ' નહીં પરંતુ 'ગો ટુ ધ ૧૦ જનપથ' પાર્ટી છે. ૧૦ જનપથ એ સોનીયા ગાંધીનું નિવાસ સ્થાન છે. કોંગ્રેસ માત્ર નેતાઓની પાર્ટી છે, આખી કોંગ્રેસનો

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




એજન્ડા પ્રજાની સેવાને બદલે માત્ર ગાંધી પરિવારની આસપાસનો જ રહેલો છે. તેમને સેવાકિય કાર્યો કે કાર્યકર્તાઓ સાથે કોઇ લેવા-દેવા નથી. કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે ભયંકર ભ્રષ્ટાચાર, અણઘડ વહિવટ તથા પ્રજાવિરોધી નીતિઓને કારણે પ્રજાએ કોંગ્રેસને 'ગેટ આઉટ ફ્રોમ ધ પાવર' નો મેન્ડેટ આપેલો છે. કોંગ્રેસ Action mode માં નહી પરંતુ destruction mode માં છે અને તેથી જ ગુજરાતની જનતા હંમેશા Anti congress mode માં રહી છે અને રહેશે. કોંગ્રેસ સત્તામાં નથી છતાં પણ સમાંતર સરકાર બનાવવાની વાતો કરે છે. જે બિનબંધારણીય, બિનલોકશાહી અને સત્તાલાલસાનું પ્રતિબિંબ છે. કોંગ્રેસે હંમેશા ''વેરઝેરનું વાવેતર'' કર્યુ છે જ્યારે ભાજપાએ હંમેશા ''સૌના સાથ સૌના વિકાસ''ના મંત્ર અને લોકકલ્યાણકારી નીતિઓ સાથે ''વિકાસનું વાવેતર'' કર્યુ છે.

શ્રી પંડ્યાએ પ્રદેશ બેઠકમાં થયેલી કામગીરી અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોના પુરપીડીતોને તંત્ર દ્વારા સમયસર મદદ પૂરી પાડી જરૂરી રાહત સામગ્રી, સાધન સહાય તાત્કાલિક ધોરણે પહોચાડવા તેમજ ખેડૂતોને થયેલા નુકશાન બદલ વળતર માટે તાત્કાલિક ધોરણે સર્વેની પ્રક્રિયા ચાલુ કરાવવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની આગેવાની હેઠળની રાજ્ય સરકારને અભિનંદન આપવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ અસરગ્રસ્ત અમરેલી જીલ્લો, ગીર સોમનાથ જીલ્લો, જુનાગઢ જીલ્લો તથા ભાવનગર જીલ્લાના ગામડાઓમાં રૂબરૂ મુલાકાત લઇ ભાજપા સંગઠન અને તંત્ર સાથે સંકલન દ્વારા કરવામાં આવેલી રાહત કામગીરીની બાબતે કરેલ જાત નિરિક્ષણની માહિતી આપી સંગઠનના કાર્યકરોની સેવાકિય કામગીરીને બિરદાવી હતી તેમજ હજુ પણ જ્યા જરૂર જણાય ત્યાં સેવાકાર્ય ચાલુ રાખવા અપીલ કરી હતી. પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમારે ભાજપા સંગઠનની ટીમ સાથે દક્ષિણ ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારોમાં જઇ પુરપીડીતોને જરૂરી જીવન સામગ્રી - ધાબળા, મચ્છરદાની, અનાજ કીટ, કપડા સહિત સાધનસામગ્રીનું વિતરણ કરવામાં આવેલ તેની માહિતી આપી હતી.

નિયમિત રીતે યોજાતી આ બેઠકમાં ભાજપા દ્વારા કરવામાં આવેલા પ્રજાકીય, સેવાકિય તથા સંગઠનાત્મક કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી. અતિવૃષ્ટિમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ભાજપા ટીમ દ્વારા કરવામાં આવેલી રાહત કામગીરીની માહિતી, અસરગ્રસ્ત ચાર જીલ્લાઓમાં ભાજપા દ્વારા ચાલુ કરવામાં આવેલા કંટ્રોલરૂમની કામગીરીની વિગતો તથા આગામી કાર્યક્રમો બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

**આગામી કાર્યક્રમોની માહિતી આપતા શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, આગામી ૨૯ જુલાઇના રોજ આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં, પ્રદેશ પ્રભારી અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભુપેન્દ્રજી યાદવ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં લોકસભા સ્ટડી – કો ઓર્ડિનેશન કમિટિ કમિટિ (લોકસભા અધ્યયન-સંકલન સમિતિ)નો પ્રદેશ સ્તરનો વર્કશોપ યોજવામાં આવશે જેમાં પ્રદેશ કોર ટીમ, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, લોકસભા ચૂંટણી આયોજન સમિતિ, મોરચાના પ્રદેશ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, લોકસભા સીટના પ્રભારીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રભારી/પ્રમુખ/મહામંત્રીશ્રીઓ તથા લોકસભા સીટના વિસ્તારકશ્રીઓ ઉપસ્થિત રહેશે. આગામી ૧૮-૧૯ ઓગષ્ટના રોજ ભાજપાની રાષ્ટ્રીય કારોબારી યોજાયા બાદ ૨૪-૨૫ ઓગષ્ટના રોજ સુરત ખાતે પ્રદેશ કારોબારી યોજાશે.**

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૪.૦૭.૨૦૧૮

---------------------

**કોંગ્રેસના પૂર્વ પ્રદેશ મહામંત્રી અને પૂર્વ ધારાસભ્ય શ્રીમતી રમીલાબેન દેસાઇ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપામાં જોડાયા – શ્રી કે.સી.પટેલ**

---------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ખેસ પહેરાવીને શ્રીમતી રમીલાબેન દેસાઇનું ભાજપામાં સહર્ષ સ્વાગત કર્યુ.**

---------------------

**કોંગ્રેસની વિધ્વંશકારી નીતિઓને આવજો કહીને ભાજપાના સ્વગૃહે આવતા હું હર્ષની લાગણી અનુભવુ છું.**
**- શ્રીમતી રમીલાબેન દેસાઇ**

---------------------

ભાજપા પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલે જણાવ્યુ હતુ કે, આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ મહામંત્રી અને કોંગ્રેસ એક્ઝીક્યુટીવ કમિટિના મેમ્બર શ્રીમતી રમીલાબેન દેસાઇ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપામાં જોડાયા હતા. ૧૯૯૫માં તેઓ ભાજપા શાસિત અમદાવાદ જીલ્લા પંચાયતના પ્રમુખ હતા તથા ૨૦૦૨માં ખેરાલુ બેઠક પરથી ભાજપાના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓનું પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ખેસ પહેરાવીને ભાજપામાં સહર્ષ સ્વાગત કર્યુ હતુ.

આ પ્રસંગે શ્રીમતી રમીલાબેન દેસાઇએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસની નકારાત્મક વિચારધારા અને આંતરિક વિખવાદ, વ્યક્તિગત કાવાદાવા, જાતિવાદ અને પ્રદેશ અને તાલુકામાં સંપૂર્ણ સંકલનનો અભાવ વચ્ચે હું સતત કોંગ્રેસમાં ગુંગળામણ અનુભવતી હતી તેથી કોંગ્રેસની વિધ્વંશકારી નીતિઓને આવજો કહીને ભાજપાના સ્વગૃહે આવતા હું હર્ષની લાગણી અનુભવુ છું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશની વિકાસયાત્રાથી પ્રેરાઇ તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની આગેવાનીમાં ગુજરાત વિકાસની નવી ઉંચાઇઓ સર કરી રહ્યું છે ત્યારે સમર્પિત ભાવથી આ વિકાસકાર્યમાં જોડાઇ પ્રજાની સેવામાં અવિરત જોડાયેલા રહેવા માટે ભાજપા સાથે જોડાઇ હું મારી માતૃસંસ્થામાં પરત ફરી છું. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભાજપા આજે દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે ત્યારે તેમની કુશળ સંગઠનશક્તિ તથા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના માર્ગદર્શન હેઠળ હું સતત પ્રજા વચ્ચે રહી સેવાકિય કાર્યો કરતી રહીશ અને ભાજપા દ્વારા મને જે કામગીરી સોંપશે તે સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક કરતી રહીશ.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા, મહિલા મોરચા પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી જ્યોતિબેન પંડ્યા, મહિલા મોરચા પ્રદેશ મહામંત્રી શ્રીમતી જશુબેન કોરાટ, મહેસાણા જીલ્લા પ્રભારી શ્રી જગદીશભાઇ પટેલ, પાટણ જીલ્લા પ્રભારી શ્રી મયંકભાઇ નાયક, મહેસાણા જીલ્લા પ્રમુખશ્રી નીતિનભાઇ પટેલ તથા અમદાવાદ જીલ્લા ભાજપા અગ્રણી શ્રી હિતેશભાઇ બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ